**EDII**

**Navgujarat Samay**

**16 April, 2021**
**Page No.04**

# EDIIને મહિલા સશક્તિકરણ માટે AICTE લિલાવતી એવોર્ડ

» ઉચ્ચ અભ્યાસમાં સામેલ થવા યુવતીઓને પ્રોત્સાહન માટે એવોર્ડનો ઉદ્દેશ

**નવગુજરાત સમય** > અમદાવાદ

મહિલા સશક્તિકરણ પર એઆઈસીટીઈ લિલાવતી એવોર્ડ્ઝના વિજેતાઓમાં એક વિજેતા આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા સામેલ છે. ટોચની સંસ્થા મહિલા ઉદ્યોગસાહસિકતાની પેટા-કેટેગરી માટે પ્રથમ રનર અપ જાહેર થઈ હતી. એઆઈસીટીઈ દ્વારા શરૂ કરવામાં આવેલી આ સ્પર્ધામાં કુલ 456 ટીમો સામે સામેલ થઈ હતી. કેન્દ્રીય શિક્ષણમંત્રી રમેશ પોખરિયાલ 'નિશંક'ના તથા એઆઈસીટીઈના ચેરમેન અનિલ સહસ્ત્રબુદ્ધેના હસ્તે આ એવોર્ડ તાજેતરમાં દિલ્હી ખાતે આપવામાં આવ્યા હતા.

લિલાવતી એવોર્ડ્ઝ AICTEનો ઉદ્દેશ ઉચ્ચ અભ્યાસમાં સામેલ થવા યુવતીઓને પ્રોત્સાહન આપવાનો છે. ચાલુ વર્ષે લિલાવતી એવોર્ડની થીમ મહિલા સશક્તિકરણ હતી અને તેમાં 6 પેટા થીમ હતી: મહિલાઓનું આરોગ્ય, સ્વરક્ષણ, સાફસફાઈ અને સ્વચ્છતા, સાક્ષરતા, મહિલા ઉદ્યોગસાહસિકતા અને કાયદેસર જાગૃતિ. શરૂઆતની એન્ટ્રીઓનું વિશ્લેષણ કર્યા પછી દરેક પેટા-થીમ હેઠળ ટોચની 10 એન્ટ્રીઓને રજૂઆત માટે બોલાવવામાં આવી હતી જેમાંથી દરેક કેટેગરીમાં ત્રણ વિજેતાની પસંદગી થઈ હતી. આ સફળતા પર ઈડીઆઈઆઈના ડાયરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લાએ કહ્યું હતું કે, આર્થિક વિકાસ અને મહિલા સશક્તિકરણના માધ્યમ તરીકે ઉદ્યોગસાહસિકતાની માનસિકતા મજબૂત થતા જોવાની ખુશી છે. અમારા કેટલાંક અભ્યાસક્રમ અને પ્રોજેક્ટ્સ મારફતે અમે ગ્રામીણ વિસ્તારોમાં પણ મહિલા ઉદ્યોગસાહસિકોને તાલીમ અને માર્ગદર્શન આપીએ છીએ.